# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **સ્વિટઝરલેન્ડના દાઓસમાં યોજાનારી વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં નાયબ મુખ્યમંત્રી ગુજરાતના વિકાસનો રોડમેપ રજૂ કરશે.**
2. **ગુજરાતના પ્રથમ રબ્બર ડેમ ઝડપથી પૂર્ણ થાય તે માટેની કામગીરી પૂરજોશમાં.**
3. **મોઢેરાના સૂર્ય મંદિર ખાતે દ્વિ દિવસિય વિશ્વ વિખ્યાત ઉત્તરાર્ધ મહોત્સવનું સમાપન થયું.**
4. **ઇન્દોરમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વન -ડેમાં ભારતના પરાજય સાથે ન્યૂઝીલેન્ડે શ્રેણી જીતી.**
5. **ખંભાતના દરિયા કિનારે ઉત્તરાયણની પરંપરાગત રીતે ઉજવણી કરવા રાજ્યભરમાંથી પતંગ રસિયાઓ ઉમટ્યાં.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# HARSH SANGHVI DAOS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમ- **2026**માં સહભાગી થવા રવાના થયા હતાં. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના વૈશ્વિક મંચ પર ટીમ ગુજરાત 'વિકસિત ગુજરાત'નો રોડમેપ અને મજબૂત ઇન્ડસ્ટ્રિયલ લેગેસી રજૂ કરશે , તેમ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ગુજરાતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે પ્રસ્તુત કરશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાઓસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' **(WEF) 2026**માં ભાગ લેવા અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી રવાના થયું હતું. આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી આગામી ચાર દિવસમાં વિવિધ મહત્વની બેઠકોમાં ભાગ લેશે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

# BJP PRESIDENT ELECTION

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી યોજાઇ રહી છે. નવી દિલ્હી ખાતે યોજાનારી ચૂંટણીનું આજે ઉમેદવારી પત્ર ભરાશે. આ માટે ગુજરાત ભાજપના નેતાઓ દિલ્હી ખાતે ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને જીતુ વાઘાણી પણ દિલ્હી જશે. સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતીમાં જીતુ વાઘાણી રાષ્ટ્રીય

**અધ્યક્ષના પ્રસ્તાવક બનશે. આવતીકાલે 20 જાન્યુઆરીએ રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત કરાશે. ભાજપના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનનું અધ્યક્ષ બનવાનું નિશ્ચિત મનાઇ રહ્યું છે.**

---

## CM DHARTI AWARD

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા આ સન્માનનો સમારંભ અમદાવાદમાં સરદાર રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયો હતો.**

**આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે , આજના યુગમાં બધાની દોટ પૈસા અને સ્વાર્થ માટે છે. ત્યારે સામેના દરેક વ્યક્તિમાં, દરેક જીવમાં શિવ જોઈને સેવા કરનારાઓનું સન્માન કરાયું છે ત્યારે આ કાર્યક્રમ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે.**

**સનાતન સંસ્કૃતિમાં સેવા પરમો ધર્મ કહેવાય છે , શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશનની વિધ વિધ સેવાકીય પ્રવૃત્તિઓની મુખ્યમંત્રીએ પ્રશંસા કરી હતી.**

---

## CHOTA UDEPUR – ISWAR PATEL VISIT

રાજ્યકક્ષાના જળસંપત્તિ, પાણી પુરવઠામંત્રી ઈશ્વર પટેલ છોટાઉદેપુર જિલ્લાની મુલાકાતે હતાં, તેમણે ડુંગરવાંટ ગામ પાસે 52 ગામને પીવાના પાણી પૂરું પાડનાર પાણી પુરવઠા વિભાગના સંપની મુલાકાત દરમિયાન લેબોરેટરી રૂમમાં ટેકનીશીયન પાસે મંત્રીએ લાઈવ ટેસ્ટિંગ પણ કરાવ્યું હતું. તેમણે

સુખી જળાયશયની પણ મુલાકાત લીધી હતી, અને રાજ્યના પ્રથમ રબ્બર ડેમનું કામ જલ્દી પૂર્ણ થશે તેમ જણાવ્યું હતું.

(બાઈટ - ઇશ્વર પટેલ, રાજયકક્ષાના મંત્રી)

---

# BANAS SUZUKI BIOGAS JITU WAGHANI

**બનાસકાંઠાના વડગામ તાલુકાના ભૂખલા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ સુઝુકી બાયોગેસ પ્લાન્ટ'નું લોકાર્પણ કર્યું હતું.**

**આ પ્રસંગે ઉપસ્થિત કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે, આ પ્લાન્ટ આત્મનિર્ભર ભારત અને પ્રાકૃતિક ખેતીની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે.**

**(બાઇટ : જીતુ વાઘાણી, કૃષિમંત્રી)**

---

# EDUCATION MINISTER VISIT

**સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ રાજકોટ ખાતે આવેલ સમરસ હોસ્ટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય તેમજ આંબેડકર સરકારી કન્યા છાત્રાલયની મુલાકાત લીધી હતી. જેમાં મંત્રીએ**

છાત્રાલયોમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી તથા સંચાલકને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષણમંત્રીએ જમણવારની વ્યવસ્થા, રસોડું, સ્ટોર રૂમ સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી તેઓના અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી, વાંચન અને અભ્યાસ માટે ઉપલબ્ધ સગવડ અંગે જાણકારી મેળવી હતી.

મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને અભ્યાસમાં નિયમિતતા રાખવા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરવા તથા ઉપલબ્ધ સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરવા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

---

# UTTARARDH MAHOTSAV

મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉજવાઇ રહેલ દ્વિ દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવનું જિલ્લા પ્રભારી મંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં સમાપન થયું. ઉત્તરાર્ધ ઉત્સવના બીજા દિવસે કલાકારોને જિલ્લા પ્રભારી મંત્રીના હસ્તે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, આખું વિશ્વ ભારત સામે મીટ માંડી રહ્યું છે અને ભારતની અનેક વિરાસતોની ઓળખ વિશ્વના દેશોમાં પહોંચી છે. તેમણે ભરતનાટ્યમ જેવી કલાઓ શીખવતી ઇન્સ્ટિટયૂટ, સ્કૂલ મહેસાણામાં પણ શરૂ કરવા સૂચન કર્યું હતું.

---

# AI TRAINING - CHHOTA UDEPUR

છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા દ્વારા આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત શાળાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ( **AI)** તાલીમની નવતર પહેલ કરવામાં આવી છે.

આ તાલીમ અંતર્ગત જિલ્લાની કુલ **29** શાળાઓના **9** હજાર **500** જેટલા વિદ્યાર્થીઓને સાંકળી લેવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓને વિશેષ ટાઈમ-ટેબલ તૈયાર કરી **10**થી **12** કલાકની તાલીમ આપવામાં આવી છે.

---

# ARVALLI TRAFIC TRAINING

અરવલ્લી જિલ્લામાં ટ્રાફિક પોલીસને તૈયાર કરવા માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાના પોલીસના કર્મચારીઓ તેમજ ટીઆરબીના જવાનોને ટ્રાફિક નિયમનને લગતી માહિતી આપવામાં આવી હતી. આ માટે નિવૃત્ત પોલિસ અધિકારીઓની એક ટીમ જોડાઈ હતી.

તાલીમનું ડીવાયએસપી સહિતના અધિકારીઓએ નિરીક્ષણ કર્યું હોવાનું જિલ્લા નાયબ પોલીસ વડાએ જણાવ્યું હતું.

## બાઈટ : નવિન આહિર, Dy.SP., અરવલ્લી

---

# CRICKET - ODI

પુરુષ ક્રિકેટમાં , ન્યુઝીલેન્ડે ઇન્દોરમાં રમાયેલી શ્રેણીની અંતિમ મેચમાં ભારતને 41 રનથી હરાવ્યું. ન્યુઝીલેન્ડે આપેલા 338 રનના લક્ષ્યનો પીછો કરતાં ભારત 46 ઓવરમાં ફક્ત 296 રન જ બનાવી શક્તા ભારતનો પરાજય થયો હતો. વિરાટ કોહલીએ સદી ફટકારી હતી.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરતા , ન્યુઝીલેન્ડે મેચમાં નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટે 337 રન બનાવ્યા હતા. આ સાથે ન્યુઝીલેન્ડે 2-1 શ્રેણી જીતી લીધી છે.

---

# KHAMBHAT UTTARAYAN

સમગ્ર ગુજરાત રાજ્યમાં એકમાત્ર ખંભાત શહેર એવું છે, જ્યાં પરંપરાગત રીતે ઉતરાયણ, વાસી ઉત્તરાયણ અને દરિયાઈ ઉત્તરાયણ આ રીતે ત્રણ ઉત્તરાયણ ઉજવાય છે. જેમાં ખાસ કરીને ખંભાતના પતંગ બનાવતા કારીગરો અને શ્રમિકો દ્વારા ઉતરાયણ પછીના રવિવારના દિવસે દરિયા કિનારે ઉતરાયણ ઉજવે છે. જેની ગઇકાલે આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સંધ્યા સમયે દરિયાઈ ઉત્તરાયણની વિશિષ્ટ પરંપરા મુજબ દરિયા દેવને પતંગ અર્પણ કરવાની વિધિ પણ આસ્થાપૂર્વક કરવામાં આવી હતી. પતંગ રસિયાઓ ચગાવેલી પતંગ તથા વધેલી દોરી સાથે દરિયામાં પતંગ છોડી આવનારા વર્ષે ફરી દરિયાઈ ઉત્તરાયણ ઉજવવાની તથા વ્યવસાયિક સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા.

---

# TAPI-SAKHI-ONE-STOP

તાપી જિલ્લા સખી વન સ્ટોપ સેન્ટરમાં 2019 થી આજ સુધીમાં એક હજાર કરતા વધુ કેસો આવ્યા છે, જેમાં સૌથી વધુ કેસો ગત વર્ષે 341 જેટલા નોંધાયા હતા, જેમાંથી મોટેભાગના કેસોનો સુખદ ઉકેલ લાવવામાં આવ્યો છે.

અહીં ખાસ કરીને ઘરેલું હિંસા, દુષ્કર્મ, જાતીય સતામણી, એસિડ એટેક, વુમન ચાઇલ્ડ ટ્રાફિકિંગ, ખોવાયેલ કે અપહરણ કરાયેલ લોકોને સહાય, દહેજ સતામણી, બાળ લગ્ન, જાતીય સતામણી જેવા કેસોનો ઝડપથી અને સુખદ નિકાલ તાપી જિલ્લા સ્થિત "સખી વન સ્ટોપ સેન્ટર" કરી રહ્યું હોવાનું સંચાલક મધુબેન પરમારે કહ્યું હતું.

## બાઈટ – મધુબેન પરમાર

---